ગાંધીનગર સમાચાર
તા. ૨૬-૮-૨૦૧૪, મંગળવાર

## તંત્રી સ્થાનેથી....

### તેજીને ટકોર જેવાં પેટાચૂંટણીનાં પરિણામ

પેટા ચૂંટણીઓમાં વિવિધ પ્રદેશોની અઢાર જેટલી વિધાનસભા બેઠકોનાં પરિણામો જોતાં એટલું તારણ તો જરૂર નીકળે છે કે મતદારો કોઇના ખીસામાં પડી રહેવાનું પસંદ કરતા નથી. એ મનના રાજા હોય છે. કેન્દ્રમાં ભાજપને ખોબલે ખોબલે મત આપનારી પ્રજાનું ભ્રમનિરસન થવા માંડ્યું છે અને મોદીનો જાદુ ઓસરવા લાગ્યો છે. અલબત્ત, કેન્દ્ર અને રાજયોની ચૂંટણીમાં અલગ અલગ મુદ્દાઓ પણ ચૂંટણી લડાતી હોય છે અને અલગ અલગ સમીકરણો રચાયાં હોય છે, તે બાબત પણ એટલી જ અગત્યની છે. ઉત્તરાખંડમાં ગયે વર્ષે થયેલ કેદારનાથ દુર્ઘટના પછી પ્રજાને કોંગ્રેસના શાસન પ્રત્યે એટલો બધો રોષ હતો કે લોકસભાની ચૂંટણીઓ પૂર્વે મુખ્યમંત્રી બદલી નાખવા છતાં તમામ બેઠકો પર ભાજપનો ભગવો લહેરાયો હતો. ત્યાં જ થોડા સમય પછી વિધાનસભાની ખાલી પડેલી ત્રણ બેઠકોની પેટાચૂંટણીમાં કોંગ્રેસ રંગેચંગે પાછી ફરી, તે જ સમયે ભાજપની કેન્દ્રીય નેતાગીરીને સંકેત તો મળી જ ગયો હતો કે આગામી દિવસોમાં ચાર રાજયોની વિધાનસભાની ચૂંટણીઓ આવી રહી છે તેમાં મોદી મેજિક પર ભરોસો રાખી શકાશે નહીં. પૂરેપુરું જોર લગાવવું પડશે. દર બૂત પર સો 'પીએમ' - પ્રાઇમરી મેમ્બર વાળી મોદીની શિખામણનો હવે એમના લાડકા રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ પુરી ચોકસાઇપૂર્વક અમલ કરાવવા પ્રયાસ કરશે. ગુજરાતમાં બાર વર્ષ સુધી મોદીનું એકચક્રી શાસન ચાલ્યું એમાં એમની વિકાસ પુરૂષ તરીકેની ઇમેજ જેટલો જ ભાગ હિંદુ હૃદય સમ્રાટ વાળી છાપે ભજવ્યો હતો. આ જ મુદ્દો એમને વડાપ્રધાનપદની ખુરશી સુધી દોરી ગયો છે, એની સંઘ અને પાર્ટી - ઉભયને પુરેપુરી પ્રતીતિ છે. તેથી સ્તો સંઘના અને વિશ્વહિંદુ પરિષદના નેતાઓ ધ્રુવીકરણના કાર્યક્રમો જલદ રીતે ચલાવતા આગળ આવી રહ્યા છે. સંઘ પ્રમુખે વિજય કોઇ એકાદ-બે નેતાઓના નામે ચડાવી દેવાનો ખુલ્લો વિરોધ કરી પ્રજા વચ્ચે પહોંચી જવાની ગભીર શિખામણ આપી અને બીજી તરફ દેશમાં રહેતા દરેક જણને 'હિંદુ' ગણવાની સંકલ્પના આગળ ધરી તે બધી જ બાબતો ભગવા પક્ષનું શાસન મજબૂત પીઠિકા પર પ્રસ્થાપિત કરવાના પ્રયાસ જેવી છે. બિહારમાં નીતિશ-લાલુ અને કોંગ્રેસનું મહાજોડાણ ભાજપને ભારે પડ્યું છે. નીતિશકુમાર અને લાલુ યાદવ બેઉ મૂળે જયપ્રકાશ નારાયણના આંદોલનનાં ફરજંદ છે. એમના નિહિત સ્વાર્થો ટકરાતાં બિહારના જ્ઞાતિ સમીકરણનું ગણિત ખોરવાઇ ગયું હતું. વળી નરેન્દ્ર મોદીએ પોતાની જાતને ચા વાળા તરીકે ઓળખાવી આમ પ્રજામાં સહાનુભૂતિ જગાવી હતી. નીતિશ-લાલુ વચ્ચે જે પાડાખાર પ્રવર્તતો હતો એનો લાભ દેખીતી રીતે જ મોદીને મળી ગયો અને વર્ષોથી ચાલતા ગઠબંધનમાંથી અલગ થયેલા નીતિશકુમારની જદ(યુ) લોકનજરમાં નીચી ઉતરી ગઇ હતી. લોકસભાની ચૂંટણીમાં ભાજપની ભવ્ય સફળતા પછી બેઉ પ્રાદેશિક નેતાઓની આંખ ઉઘડી હતી. ગઇ ગુજરી ભૂલી જઇ બેઉ મજબૂત જનાધાર ધરાવતા પ્રાદેશિક ભેગા થયા, એથી અતિઉત્સાહિત ભાજપનો મોહભંગ થાય એવી સ્થિતિ સરજાઇ છે. દશમાંથી છ બેઠકો જીતી ગયેલ મહાગઠબંધનમાં એક બેઠક કોંગ્રેસને પણ મળી છે. ભાગલપુરની બેઠક પર કોંગ્રેસને વિજય મળતાં દેખીતી રીતે બિહારમાં એને પુનઃપ્રવેશ મળવાની શક્યતા ઊભી થઇ છે. જો આ ગઠબંધન વિસ્તરીને આગળ વધે તો આગામી વિધાનસભા ચૂંટણીઓમાં ભાજપનું સત્તા પર આવવાનું સપનું અધુરું રહે અને લાલુ-નીતિશની જોડી સત્તા પર આરૂઢ થાય એવી પુરી શક્યતા છે. જદ(યુ)ના રાષ્ટ્રીય અધ્યક્ષ શરદ યાદવ તો દસમાંથી દસેદસ બેઠકો જીતી જવાની આશા રાખી રહ્યા હતા. આયોજનમાં કશીક કચાશ રહી ગઇ જેથી ભાજપ ચાર બેઠકો પર વિજયી બની શક્યું છે. પરંતુ હવે ભાજપ માટે બિહારના જ્ઞાતિવાદી રાજકારણમાં સામા પૂરે તરવા જેવી સ્થિતિ સરજાવાની છે. નીતિશકુમારે બુદ્ધિ વાપરીને મહાદલિત જ્ઞાતિના જીતનરામ માંઝીને મુખ્યમંત્રી બનાવી દીધા. એથી પછાત વર્ગોમાં ઘણાં પોઝીટીવ સંકેતો ગયા છે. લાલુ યાદવ અને નીતિશકુમારના જોડાણને અનૈતિક કહી ભાંડનારા મોદીભક્તો અને ભવિષ્યના મુખ્યમંત્રી તરીકે પોતાની જાતને પ્રોજેક્ટ કરી રહેલ પૂર્વ ઉપમુખ્યમંત્રી સુશીલકુમાર મોદી તથા પ્રભાત ઝા જેવા નેતાઓના મોઢા પર તમાચો પડ્યો છે. બિહારની હારને ભાજપના મુસ્લિમ ચહેરા તરીકે ઓળખાતા અને ગત લોકસભામાં પ્રચંડ મોદીવેવ છતાં પરાજિત થયેલા શાહનવાઝ હુસેન બિહારના ભાજપ એકમની હાર ગણાવતા કોશિશ કરે છે. મોદી મેજિક નથી ચાલ્યું એ હકીકત હોવા છતાં કેન્દ્રની આબરૂ બચાવવા સ્થાનિક આગેવાનો દોષનો ટોપલો પોતાના માથે લઇ વડાપ્રધાનની ગુડબુકમાં રહેવા કોશિશ કરી રહ્યા છે. બિહારમાં બન્યું તેવું પુનરાવર્તન ઉત્તરપ્રદેશમાં પણ થઇ શકે છે. લાલુપ્રસાદ યાદવે તો મતભેદો ભુલી જઇ બિન સાંપ્રદાયિક મતો વહેચાઇ જતા અટકાવવા મુલાયમસિંહ અને માયાવતી વચ્ચે પણ એકતા સ્થપાય એવી ઇચ્છા પ્રગટ કરી હતી. માયાવતી એમનું જૂનું અપમાન ભૂલ્યાં નથી, એટલે 'હું મરું પણ તને રાંડ કરું' વાળી કૂટનીતિને વળગી રહેશે તો મોદી-શાહનું ધ્રુવીકરણનું રાજકારણ જરૂર સફળ થઇ શકશે. જો કે 'અચ્છે દિન' માટેની રાહ જોઇને થાકેલી જનતા નેતાઓને પાઠ ભણાવવા તત્પર છે, એના સંકેતો આ અઢાર બેઠકોનાં પરિણામોમાં સ્પષ્ટ રીતે મળે છે. પંજાબમાં બે બેઠકો પર થયેલ પેટાચૂંટણીમાં પટિયાલાની બેઠક મહારાણી પરનીત કૌરે જીતી લઇ કોંગ્રેસની શાખ જાળવી છે. એક બેઠક સત્તાધારી શિરોમણી અકાલી દળનાં ફાળે ગઇ છે, છતાં ત્યાં 'એન્ટી ઇન્કમ્બન્સી ફેકટર' સ્પષ્ટપણે લોકસભાની ચૂંટણીમાં પણ દેખાયો હતો. કર્ણાટકમાં બે બેઠકોની પેટાચૂંટણીમાં બેઉ મુખ્ય રાજકીય પક્ષોએ એક એક બેઠક મેળવી છે. ભાજપને જે બેઠક મળી છે તે યેદુરપ્પાના પુત્રે જીતી છે. મધ્યપ્રદેશમાં ત્રણ બેઠકોની પેટાચુંટણી યોજાઇ હતી એમાં પણ એક બેઠક કોંગ્રેસને ફાળે જતાં મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણને જરૂર આઘાત લાગ્યો હશે. આગામી મહિને ગુજરાતમાં થનાર પેટાચૂંટણી લડવા માટે કોંગ્રેસની હતાશ નેતાગીરીને આ પરિણામોથી જરૂર થોડો સધિયારો મળી રહેશે. મોદી માટે આ પરિણામો નેત્રદીપક બલકે તેજીને ટકોર જેવાં બની રહેશે. હવે લોકો વધુ ધીરજ નહીં રાખે, એટલો સંકેત મળી જ ગયો હશે.





ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક શાળામાં સમ્ફ એકઝીબિશન યોજવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ શિક્ષકોના માર્ગદર્શન હેઠળ સામાજીક વિજ્ઞાન, ગણિતશાસ્ત્ર, વિજ્ઞાનશાસ્ત્ર, આર્ટ, ફ્રેન્ચ, ડીઝાઈન પોતાની શૈલીમાં બનાવી. એકઝીબિશનમાં રજુ કરી હતી. એકઝીબિશનમાં રજૂ કરવામાં આવેલી શ્રેષ્ઠ કૃતિઓને પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.



## પ્રેરણા વિદ્યાલયના ખેલાડીઓ રાજય કક્ષાએ પસંદગી પામ્યા

ગાંધીનગર જિલ્લા કક્ષાની અંડર-૧૯ ખો-ખો ભાઈઓની સ્પર્ધા તાજેતરમાં સેકટર-૧૬ મહાત્મા મંદિર ખાતે યોજવામાં આવી હતી. સ્પર્ધામાં પ્રેરણા વિદ્યાલયના દિપેન્દ્ર નિનામા, યકિન મોથલિયા, પુનિત મિસ્ત્રી અને યુવરાજસિંહ વાઘેલાના ઉત્કૃષ્ઠ પ્રદર્શન બદલ રાજયકક્ષાએ પસંદગી થઈ છે. તમામ ખેલાડીઓ આગામી સમયમાં યોજાનાર સ્પર્ધામાં ભાગ લેશે. વિદ્યાર્થીઓને ટ્રસ્ટી નરેશભાઈ શાહ, પ્રદિપસિંહ બિહોલા અને આચાર્ય મનિષભાઈ ખત્રીએ અભિનંદન પાઠવ્યા છે.

## રાષ્ટ્ર ભક્તિના સંદેશ સાથે વિવેકાનંદ રથયાત્રા નગરમાં પ્રવેશશે

### શહેરના ધાર્મિક સ્થળો, શાળા, કોલેજમાં બે દિવસ રોકાણ કરશે

ગાંધીનગર, તા. ૨૫

સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મજયંતિ સમગ્ર દેશમાં ધામધૂમપૂર્વક ઉજવવામાં આવી રહી છે. ત્યારે સ્વામી વિવેકાનંદરથ ભારતના અનેક પ્રદેશોમાંથી યાત્રા પુરી કરીને ગુજરાતના આંગણે પ્રવેશી ચૂક્યો છે. નવી પેઢી વિવેકાનંદના સંદેશને સમજી જીવનમાં ઉતારે તે માટે રથને ભ્રમણ કરાવવામાં આવી રહ્યો છે.

શ્રી રામકૃષ્ણ આશ્રમ રાજકોટ દ્વારા એક રથ ગુજરાતના ૨૪૯ તાલુકામાં ફેરવવામાં આવી રહ્યો છે. ત્યારે આ રથ આગામી ૨૭મી ઓગસ્ટના રોજ સવારે ગાંધીનગરમાં આવી પહોંચશે. સેકટર-૨૮ આરાધના વિદ્યાવિહાર ખાતે મેયર મેહન્દ્રસિંહ રાણાના હસ્તે સ્વાગત કરવામાં આવશે. જિલ્લા શિક્ષણાધિકારી બારડ બાજર રહેશે.

રથ બે દિવસ નગરમાં રોકાણ કરશે. ત્યારે આ રથને સેક્ટર-૧૨ વિવેકાનંદ વિદ્યાવિહાર, સેક્ટર-૨૩ સ્વામિનારાયણ ગુરૂકુલ, અક્ષરધામ, સેકટર-૧૬ મહાત્મા ગાંધી વિદ્યાલય, સેક્ટર-૧૭ રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય અને પંચદેવ મંદિર સહિતના જાહેર સ્થળોએ લઈ જવામાં આવશે.

આ સાથે રથમાં વિવેકાનંદજીના પ્રેરણાદાયી પુસ્તકો રાહતદરે વેચાણ કરવામાં આવશે. જેનાથી આવનારી પેઢીને માહિતી મળી રહે અને પોતાના જીવનનો વિકાસ સાધી શકે.

## સ્ટાફ ટ્રેનિંગ કોલેજમાં નાટક 'પીયુ મન ભાવન' યોજાશે

ગાંધીનગર, તા. ૨૫

અખિલ ભારતીય સામાજીક સ્વાસ્થ્ય સંઘ ગાંધીનગર જિલ્લા દ્વારા 'પીયુ મન ભાવન' નાટક કાર્યક્રમ રાખવામાં આવેલ છે. તા. ૨૭ ઓગસ્ટ બુધવાર બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન સેકટર-૧૭, સ્ટાફ ટ્રેનિંગ કોલેજ ખાતે યોજાશે. નાટકને માણવા શાખા પ્રમુખ શ્રીમતી શર્મિષ્ઠાબેન દવેએ નગરજનોને જણાવ્યું છે.

## જન્માષ્ટમીના દિવસે બાળ-કલરવ

**વિચારસભા**
*નેહલ જયદીપ ગઢવી*

ગાંધીનગરની શોભામાં અભિવૃદ્ધિ કરતી અનેક બાબતો છે. અહીંનું અક્ષરધમ માત્ર રાજયન જ નહિ, પરંતુ સમગ્ર દેશનાં લોકો માટે આકર્ષણનું કેન્દ્ર છે. સાબરમતીના કિનારે આવેલા આ અક્ષરધામની શોભા યમુના કિનારે આવેલા અક્ષરધામથી પણ પહેલાંની છે. મોટા મંદિરો અને ધાર્મિક સ્થળોએ લોકોની ભીડ સ્વાભાવિકપણે રહેતી હોય છે. આવા સ્થળોએ સલામતીની ખાસ વ્યવસ્થા કરવી અનિવાર્ય બને છે તે બાબત પણ આપણે સૌએ અક્ષરધામમાં બનેલી ગોઝારી દુર્ઘટનામાંથી જ શીખી છે. ગાંધીનગરમાં અન્ય એક વિશાળ સંકુલ-મંદિરની સ્થાપના થઈ છે તે મહાત્મા - મંદિર. મહાત્મા મંદિરમાં અવારનવાર વિવિધ પ્રકારની કોન્ફરન્સીસ, બેઠકો અને અન્ય કાર્યક્રમો યોજાતા હોવાના કારણે આ જગ્યા પણ જીવંત લાગે છે. આ ઉપરાંત ગાંધીનગરમાં આવેલી ચિલ્ડ્રન યુનિવર્સિટી પણ એક ઉત્તમ સંસ્થા તરીકે કાર્યરત છે. માત્ર બાળકોને લક્ષમાં રાખીને જ આખેઆખી યુનિવર્સિટીનું નિર્માણ થવું એ ગાંધીનગર તેમ જ ગાંધીનગરવાસીઓ બંનેને માટે ગર્વની બાબત છે, નોંધનીય બાબત છે અને પ્રશંસનીય પણ. બાળકોનાં શારીરિક અને માનસિક ઘડતર માટે આ સંસ્થા સતત પ્રયત્નશીલ રહી છે. 'કલરવ' નામની આ સંસ્થા પણ બાળકોના કલરવને ખૂબ પ્રોત્સાહિત કરે છે અને તે માટે અવારનવાર વિવિધ પ્રકારના કાર્યક્રમોનું આયોજન કરે છે. આ પ્રકારની સુંદર પ્રવૃત્તિ કરવા બદલ સંસ્થાના પ્રમુખ કમલ કિશોર જૈન, આશાબહેન સરવૈયા તેમજ સંસ્થાના સર્વે હોદ્દેદારો તથા સભ્યો આપણા અભિનંદન પાત્ર છે.

કૃષ્ણ બાળસ્વરૂપના અનેક કિસ્સાઓ આપણે ત્યાં ખૂબ પ્રચલિત છે. અબાલ-વૃદ્ધ સૌને બાળકૃષ્ણ હંમેશ પોતાના તરફ આકર્ષિત કરતા રહ્યા છે. બાળદોસ્તો માટે કૃષ્ણજન્મ એ વિશેષ રસનો વિષય હરહંમેશ રહ્યો છે. માટે જ તો, શ્રીકૃષ્ણ મહાભારતના યુદ્ધનાયક તરીકે કે ગીતાના રચયિતા તરીકે જેટલી પ્રસિદ્ધિ પામ્યા છે તેથી વિશેષ પ્રસિદ્ધિ તેઓ બાળકૃષ્ણ સ્વરૂપે પામ્યા છે. કૃષ્ણનું આ કનૈયા સ્વરૂપ આજે પણ હજારો - લાખો ભક્તો માટે પ્રધાન આકર્ષણનો વિષય રહ્યું છે. માખણચોર કનૈયાનું સ્મરણ જો સૌને થાય તો બાળકોને તે વિશેષ થાય તે અતિ સાહજિક છે. બાળક્રિયાઓ અને આનંદથી ભરપૂર બાળકૃષ્ણએ ગોકુળને વૈકુંઠ જેવું બનાવી દીધું છે અને ભક્તકવિ નરસિંહ મહેતા તેને આ રીતે વર્ણવે છે :

''નાનું સરખું ગોકુળિયું મારે વહાલે વૈકુંઠ કીધું રે;
ભક્તજનોને લાડ લડાવી ગોપીએને સુખ દીધું રે.
વણકીધે વહાલે વતાં કરે, પૂરણ બ્રહ્મ અવિનાશી રે;
માખણ કાજ મહિયારી આગળ ઊભો વદન વિકાસ રે.''

જન્માષ્ટમીના તહેવારને લક્ષમાં રાખી જ 'કલરવ' નામની સંસ્થાએ સેકટર-૨૮ના જાણીતા બગીચામાં બાળકોના મધુર કલરવ અને કલબલાટનો કાર્યક્રમ રાખ્યો હતો. અનેક બાળકો આવ્યા અને આ કલરવમાં પોતાનો સૂર પૂરાવ્યો. આજકાલ બાળકો મોટેભાગે વીડિયોગેમ્સ, ટેલિવિઝન અને ઈલેકટ્રીક ગેજેટ્સથી જ રમતા હોય છે. પરંતુ, આ પ્રકારના આયોજનથી બાળકોએ પોતાનો આખો દિવસ કુદરતના સાનિધ્યમાં વીતાવ્યો. તેઓએ દિવસ દરમિયાન સુંદર મજાની વાર્તાઓ સાંભળી, ગીતો ગાયા, નૃત્ય કર્યા અને બીજા અનેક પ્રકારે ખુબ આનંદ કર્યો. કાર્યક્રમના આરંભે બાળકોએ સ્વાતંત્ર્યદિનને અનુલક્ષીને સુંદર ગીતો ગાયા તેમ જ નૃત્ય પણ રજૂ કર્યા. બાળકોમાં સ્વાતંત્ર્યતા માટે ગર્વ હોવાનું તેમનાં ચહેરા પર સ્પષ્ટપણે દેખાઈ આવતું હતું. દેશભક્તિ અને દેશપ્રેમને ઉજાગર કરતી રચનાઓ બાળકોને સુંદર રીતે રજૂ કરી. ત્યારબાદ આદરણીય વી.એસ. ગઢવી તેમજ માનનીય ડૉ. વાસુદેવભાઈ રાવળે બાળકોને ખૂબ સરળ રીતે વાતો કરતાં કરતાં રમૂજભર્યા દષ્ટાંતો સાથે સુંદર વાર્તાઓ પણ કહી. સુંદર બોધ આપનારી અને પ્રેરણાદાયક વાતો અત્યંત સહજતાથી બાળકોનાં મન સુધી પહોંચી શકી! બાળકોએ પણ ખૂબ તલ્લીનતાથી આ બંને વક્તાઓને શાંતિપૂર્વક માણ્યા. બાળકનું મન એ એક કૂમળા છોડ સમાન હોય છે. તેની હૂંફ અને માનજતથી કાળજી લેવી અત્યંત જરૂરી છે. મોટેભાગે મા-બાપ, પોતાના બાળકોના ખોરાક તથા પહેરવેશ અંગે જાગૃત બની તેની સતત ધ્યાન રાખતા હોય છે. પરંતુ બાળકનાં મનની માવજત કરવામાં થોડા કાચા રહી જઈએ છીએ. બાળક અજાણ છે તેમ માનીને તેની સામે જુઠ્ઠું બોલીએ છીએ કે ગુસ્સો કરીએ છીએ. પરંતુ, બાળમાનસ પર આની ખૂબ ભયંકર અસરો વર્તાતી હોય છે. માટે ખરેખર, તો બાળકોને આ પ્રકારે વાર્તાઓ અને ગીતો દ્વારા પ્રેરક વાતો શીખવીને તેમનાં કુમળા મનને પ્રફુલ્લિત કરવા પ્રયાસ કરવો જોઈએ. લાંબા સમયે બાળમાનસ પર આ બધી નાની - નાની બાબતોની ઘણી મોટી અસર થતી જોવા મળે છે. 'કલરવ' દ્વારા યોજાયેલા આ કાર્યક્રમોથી છોડરૂપી બાળમાનસમાં સકારાત્મક ઉર્જા સંચય પણ થયો. કાર્યક્રમમાં ગીતો ગાયા અને નૃત્યો કર્યા તથા વાર્તાઓ પણ માણી. પરંતુ, બાળકોને સૌથી વધુ મજા કૃષ્ણની માફક 'મટકી' ફોડવામાં આવી, નટખટ, બાળકૃષ્ણની જેમ જ બાળમિત્રોએ મટકીફોડના આયોજનનો ભરપૂર આનંદ માણ્યો. સૌએ સાથે મળીને ત્યારબાદ નાસ્તો પણ કર્યો. આ પ્રકારના સુંદર આયોજનો અવારનવાર થતા રહે તો બાળકોના તન-મન recharge અને re-fresh થઈ જાય! બાળક એ કોઈ વાસણ નથી કે એને ભરી કાઢીએ, એ તો એક જયોત છે. જેને પેટાવવાની છે. બાળકમાં નાનપણમાં પ્રગટેલી આ જયોત તેનામાં એક ઉત્તમ વ્યક્તિત્વને વિકાસવે છે. બાળસાહિત્યમાં બાળકને ભાષાજ્ઞાન આપવા ઉપરાંત મૂલ્યોનું જ્ઞાન આપવાની પણ અદ્ભૂત શક્તિ છે.

બાળકો માટે રચાતું સાહિત્ય લેખક માટે ખૂબ જ પડકારજનક હોય છે. બાળસાહિત્ય એ બાળકના સમસ્ત અંતઃશરીરમાં પ્રવેશવાની કળા-વિદ્યા છે. પરંતુ આ વસ્તુ અત્યંત અઘરી છે. કવિશ્રી ઉમાશંકર જોષી કહે છે કે, 'એકત મોટી નવલકથા જેટલી સહેલાઈથી લખી શકાય, એટલી સહેલાઈથી બાળકો માટે એક ઉત્તમ વાર્તા લખી શકાતી નથી.' વિશ્વના વિદ્વાનો ભારતને વાર્તાનું પિયર માને છે. ભારતમાં પંચતંત્રની વાર્તાઓ જે રીતે સફર કરતી વિશ્વમાં વિસ્તરી છે તે એક રોમાંચક કથા છે. બાળ-મન સાચાં મૂલ્યોને સમજતું થાય, એ બાળસાહિત્યકારે ખાસ જોવાનું રહે છે. બાળસાહિત્યના પ્રસિદ્ધ રચયિતા રમણલાલ સોની લખે છે કે, 'બાળકની પેઠે મારી દૃષ્ટિ કુદરત પ્રત્યે કુતૂહલ અને વિસ્મયની રહી છે. નાનપણથી મને જે કાર્ય મારા જીવનધર્મ જેવું લાગ્યું છે, તે હું પુરી નિષ્ઠાથી કરતો રહ્યો છું. એમાં મેં અંચઈ કરી નથી.' તે જ રીતે વાત્સલ્યનાં ગીતો એ મા-બાપનાં બાળકો તરફનાં કોમળ ભાવનાં ગીતો છે. બાળકાવ્યો એ બાળકોને પોતાને ગાવાનાં અને ભોગવવાના ગીતો છે, બાળકાવ્યો અને બાળવાર્તાઓ બાળકને તરવરાટ, કુદાકૂદ અને કૌતુકમય જીવન જીવવા માટે ઉત્સાહિત તથા પ્રોત્સાહિત કરે છે. ઉત્તમ પ્રકારના બાળ-સાહિત્યની રચના ઉત્તમ લેખકો અને કવિઓને ખુબ સુંદર રીતે કરી છે.

ક્રાંતિકારી જૈન સંત 'સંતબાલ' લખે છે કે -

''પગલે પગલે સાવધ રહીને
પ્રેમળતા પ્રગટાવે જા.
કાંટા આવે, કંકર આવે, ધોધ ધખંતી રેતી આવે;
ખાંડાની ધારે ને ધારે, ધૈર્ય ધારી ચાલ્યો જા.
દુર્ગમ પંથ કાપ્યે જા.''


આખા જીવનનો સાર કેટલી સરળ ભાષામાં આ કાવ્યમાં રજૂ કરવામાં આવ્યો છે. બાળ-સાહિત્યકારની આ જ સૌથી મોટી સિદ્ધિ ગણાય!

'કલરવ' સંસ્થા દ્વારા થયેલ આ સુંદર આયોજનને સૌ નગરજનોએ ઉત્સાહથી માણ્યું અને વધાવ્યું. આ રીતના કાર્યક્રમો અવારનવાર જુદી - જુદી સંસ્થાઓ દ્વારા ગાંધીનગરમાં થયા જ કરે છે. તો આવો, બાળકોના આ કલરવને સતત અવનવા રૂપે માણી શકીએ તેવા વધુને વધુ આયોજનો કરીએ!

## હરિની દૃષ્ટિ...




હે મારા છત્રીસ કરોડ દેવતા, 'મારે કો જ્યાદા નહીં ચાહીયે' બસ એક એક રૂપિયા કી મદદ કરદો... મ્હારા જીવન સફલ હો જાયે...!!



### કાનૂની શિબિર યોજાઈ

ચૌધરી કોલેજ ઓફ એજયુકેશન મહિલા બી.એડ. અને એમ.એડ. કોલેજની વિદ્યાર્થીનીઓને મહિલા સશકિતકરણ અંતર્ગત કાનૂની શિબિરની માહિતી આપવામાં આવી હતી. શિબિરમાં કાનૂની સત્તા મંડળના વસંતજી ઠાકોરે મહિલા અધિકારો વિશેની માહિતી પુરી પાડી હતી. ભારતી ભાવસારે મહિલા સંબંધિત કાયદાઓની અને ભાસ્કરભાઈ ટાપરિયાએ સ્ત્રી અત્યાચાર બચાવની વિશેષ માહિતી આપી હતી. કાર્યક્રમમાં કોલેજના ડૉ. ભાવના પટેલ, ડૉ. મૃણાલી ચૌહાણ, શિલ્પા પટેલ, અધ્યાપકો અને વિદ્યાર્થીનીઓ ઉપસ્થિત રહી હતી.



## જ્ઞાનકુંભ

- દર્શન મારૂ

### વર્તમાન પ્રવાહો

૧. ૨૦૧૩માં વિશ્વ પ્રસિદ્ધ મોબાઈલ કંપની નોકિયાને ૭.૨ બિલિયન ડૉલરમાં કંઇ કંપનીએ ખરીદી લીધી છે?
➔ **માઇક્રોસોફ્ટ**
૨. ૨૦૧૩માં વડોદરાના દર્પણ ઈનાનીને બેલગ્રેડ ખાતે યોજાયેલી વર્લ્ડ ઈન્ડીવીડીયોલ ચેસ ચેમ્પિયનશીપ ફોર ધ બ્લાઈન્ડ કયો એવોર્ડ જીત્યો હતો?
➔ **બ્રોન્ઝ**
૩. મલેશિયા ખાતે યોજાયેલ મહિલા એશિયા કપ હૉકી માટે ભારતીય ટીમના સુકાની તરીકે કોની પસંદગી કરાઇ હતી?
➔ **ઋતુ રાની**
૪. ૨૦૧૩માં દોષિત સાંસદોને ચૂંટણી લડવા મંજુરી આપતો કયો ખરડો રાજયસભામાં લટકી પડ્યો છે?
➔ **ધી રિપ્રેઝેન્ટેશન ઓફ ધી પીપલ બિલ ૨૦૧૩**
૫. ૨૦૧૩માં પ્રશાંત મહાસાગરમાંથી કયો વિશ્વનો સૌથી મોટો જવાળામુખી મળી આવ્યો છે?
➔ **તામુ માસીક**
૬. ૨૦૧૩માં નાસા દ્વારા ચંદ્ર પર કયુ રોબોટીક યાન મોકલાયું હતું?
➔ **રોબોટીક એક્સપ્લોરલ**
૭. ૨૦૧૩માં પાકિસ્તાન દ્વારા ભારતને કયો દરજ્જો અપાયો છે?
➔ **મોસ્ટ ફેવર્ડ નેશન**
૮. ૨૦૧૩માં ઓસ્ટ્રેલિયાના લેબર પાર્ટીના કેવિન રૂડને પરાજય આપી ટોની એબોર્ટ ઓસ્ટ્રલિયાના વડાપ્રધાન બન્યા છે તે કયાં પક્ષમાંથી ચુંટાયા હતા?
➔ **લિબરલ નેશનલ ચુટી**
૯. વર્ષ ૨૦૧૩માં ન્યુઝીલેન્ડમાં ગીત ગાનારા પક્ષીઓની કઇ પ્રજાતિ મળી આવી છે?
➔ **મોહોઉડાએ**
૧૦. ૨૦૧૩માં વિકટોરીયા એન્ઝરેન્કાને હરાવી કારકિર્દીનું ૧૭મું ગ્રાન્ડ સ્લેમ જીતનાર કઇ ખેલાડી યુ.એસ.ઓપનમાં ચેમ્પિયન બની હતી?
➔ **સેરેના વિલિયમ્સ**
૧૧. ૨૦૧૩માં IAAF વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશીપ કયાં યોજાઇ હતી?
➔ **મોસ્કો**
૧૨. વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશીપમાં આઠ ગોલ્ડ મેડલ મેળવનાર ઉસૈન બોલ્ટ કયા દેશનો વતની છે?
➔ **જમૈકા (વેસ્ટ ઇન્ડિઝ)**
૧૩. ૨૦૧૩નાં સ્વતંત્રતા દિન નિમિત્તે અમેરિકામાં યોજાયેલ ભારતીયોની પરેડમાં કઇ ભારતીય અભિનેત્રીએ ભાગ લીધો હતો?
➔ **વિદ્યા બાલન**
૧૪. હાલ દુનિયાની સૌથી મોટી મુવી સ્કીન કઇ છે અને કયા દેશમાં આવેલી છે?
➔ **સિડની આઇમેક્સ (જાપાન)**
૧૫. ૨૦૧૩માં ભારતીય મૂળનાં કયા વ્યક્તિને દક્ષિણ આફ્રિકાની યુનિવર્સિટીના કુલપતિ તરીકે નિમવામાં આવ્યા છે?
➔ **પ્રોફેશર એડમ હબીબ**
૧૬. ૨૦૧૩નું ન્યુ હેવન ઓપનનું ટાઇટલ કોણે જીત્યું હતું?
➔ **સાનિયા મિર્ઝા - જેઇ જેન્ગ**
૧૭. ૨૦૧૩માં વિશ્વનાં કયા દેશમાં વિકરાળ ધૂળનાં તોફાનો આવ્યા હતા?
➔ **અમેરિકા (ફિનીક્સ)**
૧૮. યુ.એસ.ઓપન ગ્રાન્ડસ્લેમ મેન્સ સિંગલમાં કોણ જીત્યું હતું?
➔ **રફેલ નડાલ**
૧૯. વર્ષ ૧૯૬૫માં ડોલ્બી સાઉન્ડના કયાં શોધકનું તાજેતરમાં નિધન થવા પામ્યું હતું?
➔ **રે ડોલ્બી**
૨૦. વર્ષ ૨૦૧૩માં લંડનમાં બ્રિટન હાઉસ ઓફ કોમર્સના સાંસદ જૉન બાર્કા દ્વારા અમિતાભ બચ્ચનને કયો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો?
➔ **ગ્લોબલ ડાયવર્સિટી એવોર્ડ-૨૦૧૩**